# ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર,

## "વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોમાં ભોજન વ્યવસ્થા પૂરી પાડવા માટેની એજન્સી એમ્પેનલમેન્ટ અંગેનું ટેન્ડર"

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિરની બાજુમાં, "ખ" રોડ,
સેક્ટર-૧૫, ગાંધીનગર.
સંપર્ક નંબર ૦૭૯-૨૩૨૪૫૭૩૪, વેબસાઈટ: www.iite.ac.in

## પ્રાસ્તાવિક :-

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર દ્વારા વાર્ષિક ધોરણે જરૂરિયાત મુજબ વિવિધ કાર્યક્રમો દરમ્યાન ભોજન અને તેને આનુસાંગિક સેવાઓ પૂરી પાડવા માટે ગુજરાતના અનુભવી અને ઉતમ સેવા પૂરી પાડતા  ઈજારદારો પસંદ કરવા માટે સીલબંધ ઓફ લાઈન ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે.

| | |
|---|---|
| કામગીરીનું નામ | ભોજન સુવિધા પૂરી પાડવા માટે કેટરર્સ એમ્પેનલમેન્ટ |
| ટેન્ડર ફી | રૂ. ૨૫૦૦/- |
| ટેન્ડર ઈ.એમ.ડી. | રૂ. ૫૦૦૦૦/- |
| ટેન્ડર મેળવવાની તારીખ | તા. ૨૩/૦૬/૨૦૨૨ |
| ટેન્ડર ભરીને દસ્તાવેજો સાથે પહોચાડવાની તારીખ અને સમય | તા. ૩૦/૦૬/૨૦૨૨, સમય : ૧૮:૦૦ કલાક |
| ટેન્ડરની ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય | તા. ૦૧/૦૭/૨૦૨૨, સમય : ૧૪:૦૦ કલાક |
| ટેકનીકલ બીડમાં ઉતીર્ણ થયેલ ઈજારદારના પ્રેઝેન્ટેશનની તારીખ અને સમય | તા. ૦૨/૦૭/૨૦૨૨, સમય : ૨:૦૦ કલાક |

- ઉપરોક્ત વિગતેનું ટેન્ડર આઈ.આઈ.ટી.ઈ.ની વેબસાઈટ www.iite.ac.in પરથી મેળવવાનું રહેશે.
- ટેન્ડર ફી (પરત ન મળવાપાત્ર) રૂ. ૨૫૦૦/-નો ડી.ડી. અને બીડ સિક્યુરિટી (EMD ) પેટેનો ડી.ડી. રૂ. ૫૦,૦૦૦/- (પરત મળવાપાત્ર) રજીસ્ટ્રાર, આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગરના નામનો તૈયાર કરી, જે ટેન્ડર પબ્લિશ થયાની તારીખથી ૯૦ દિવસની માન્ય સમયમર્યાદા સાથેના ટેન્ડર દસ્તાવેજમાં મુકવાના થશે.
- ટેન્ડર પેપર, જરૂરિયાત મુજબ માંગેલા દસ્તાવેજો, ટેન્ડર ફી, EMD, ટેન્ડર વોલ્યુમ તૈયાર કરી સીલબંધ કવરમાં પોસ્ટ/કુરિયર/રૂબરૂ માન્ય સમયમર્યાદામાં આઈ.આઈ.ટી.ઈ.ખાતે તા.૩૦ /૦૬/૨૦૨૨, સમય:-૧૮:૦૦ સુધીમાં પહોચાડવાના રહેશે. સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડરને સ્વીકારવામાં આવશે નહિ.
- કોઈપણ કારણોસર ટેન્ડર નિયત સમયમર્યાદા બાદ મળેલા હશે તો તેને પરત કરવામાં આવશે.

## કામગીરીની વિગત:-

આઈ.આઈ.ટી.ઈ. ખાતે વર્ષ દરમ્યાન આયોજિત તાલીમ, વર્કશોપ, સેમિનાર, સ્થાપના દિવસ, દીક્ષાંત સમારોહ, કલા મહોત્સવ, સ્પોર્ટ્સ કાર્યક્રમો, તેમજ વિવિધ બેઠકો( મિટિંગ) દરમ્યાન જરૂરી ચા-કોફી, નાસ્તો, હાઈ-ટી, લંચ, ડીનર, સ્નેક્સ વગેરે જેવી સેવાઓ ગાંધીનગર-અમદાવાદ ખાતે પૂરી પાડવા માટે ઓછામાં ઓછા ૨૦ લોકોથી વધુમાં વધુ ૨૦૦૦ લોકો માટે ઉપરોક્ત સેવાઓ પૂરી પાડવાની કામગીરી.

## કામગીરી માટેની બોલીઓ અને શરતો.

## ૧. શબ્દોની વ્યાખ્યા:

**આઈ.આઈ.ટી.ઈ.** એટલે ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન, મહાત્મા મંદિરની બાજુમાં, સેકટર -૧૫, ગાંધીનગર.

**"વાઈસ ચાન્સેલર"**, એટલે ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થાના વાઈસ ચાન્સેલર અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ.

**"રજિસ્ટ્રાર"** એટલે ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થાના રજિસ્ટ્રાર અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ.

**"કોન્ટ્રાક્ટ"** નો અર્થ તેમાં સામેલ શરતો સહિત તેમાં ઉલ્લેખિત દસ્તાવેજો સાથેના ટેન્ડર દસ્તાવેજો અને તેની સ્વીકૃતિનો સમાવેશ થાય છે.

**"કેટરર"** નો અર્થ કેટરિંગ સેવાઓ માટે સેવા પ્રદાનકર્તા એવો થાય છે અને તેમાં આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ અથવા તેના અનુમતિ પ્રાપ્ત વ્યક્તિના કાનૂની પ્રતિનિધિનો સમાવેશ થાય છે.

**"સક્ષમ સત્તાધિકારી"** નો અર્થ IITE ના વાઈસ ચાન્સેલર અને તેમના અનુગામીઓ છે.

**"ચાર્જમાં અધિકારી"** નો અર્થ "સક્ષમ સત્તાધિકારી" દ્વારા નિયુક્ત IITE ના અધિકારી એવો થશે. જે આવા કામોની દેખરેખ અને ઇન્ચાર્જ રહેશે.

**"કેર ટેકિંગ સેક્શન"** નો અર્થ IITE ના વહીવટી વિભાગ એવો થશે.

## ૨. કેટરિંગ સુવિધા પૂરી પાડવા માટેની સૂચનાઓ:

૨.૧ ઈજારદાર પાસે કેટરિંગ વ્યવસાયનો છેલ્લા પાંચ વર્ષમાંથી ત્રણ વર્ષનો બહોળો અનુભવ કેટરિંગ સુવિધા પૂરી પાડવા માટેનો કેન્દ્ર/રાજ્ય સરકારનો, તેમના પી.એસ.યુ.નો અથવા તો અન્ય શૈક્ષણિક સંસ્થાનો હોવો જોઈએ.

૨.૨ ટેન્ડર ભરનાર તમામ ઈજારદારોએ ટેકનીકલ બીડ, દસ્તાવેજોમાં, ટેન્ડર ડોક્યુમેન્ટ, બીડ સિક્યુરિટી, ટેન્ડર ફી, અને માગ્યા મુજબના દસ્તાવેજો સામેલ કરી, નિયત સરનામે ટેન્ડર રજીસ્ટ્રાર, આઈ.આઈ.ટી.ઈ. ખ- રોડ, મહતમ મંદિરની બાજુમાં,સેક્ટર-૧૫, ગાંધીનગર.ખાતે મોકલવાની રહેશે.

૨.૩ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. નાં ડી.ડી. તૈયાર કરી એક અલગ કવરમાં ટેન્ડર દસ્તાવેજોની સાથે મુકવાના રહેશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે ઈજારદારને વર્ક ઓર્ડર આપ્યાના ૧૫ દિવસમાં વગર વ્યાજની મૂળ રકમ EMDની પરત કરવામાં આવશે.

૨.૪ કમિટીના અહેવાલના આધારે ટેકનીકલ બીડમાં ઉતીર્ણ થનાર ઈજારદારને જ પ્રક્રિયામાં ભાગ લેવા દેવામાં આવશે.

૨.૫ આઈ.આઈ.ટી.ઈ.ખાતે યોજાતા વિવિધ કાર્યક્રમો દરમ્યાન જરૂરી ભોજન વ્યવસ્થાઓ માટે એમ્પેનલ થયેલ કેટરર્સને બોલાવવામાં આવશે અને તેમણે જરૂરિયાત મુજબ લેખિત પત્રમાં કે ફોરમેટમાં જણાવવામાં આવશે, જે મુજબના તેઓએ ભરીને બંધ કવરમાં નિયત સમયમર્યાદામાં ભાવો આપવાના રહેશે.

૨.૬ કેટરર્સ પાસે ભોજન માટે સુવિધા પૂરી પાડવા માટે જરૂરી ટેબલ, ટેબલ ક્લોથ, તંદુર, ફ્રીઝ, ઓવન, ક્રોકરીનો સામાન, વગેરે જેવો સામાન તેની પાસે ઓછામાં ઓછા ૨૦ થી ૧૦૦૦ લોકોની સેવા માટેનો હોવો જોઈએ, તેમજ સામાન લાવવા લઇ જવા માટેની વ્યવસ્થા હોવી જોઈએ, આ તમામ વ્યવસ્થાઓ માટે કોઈ અલગથી નાણા ચુકવવામાં આવશે નહિ.

૨.૭ જરૂરિયાત મુજબ કેટરિંગ વ્યવસ્થા પૂરી પાડવા માટે કેટરર્સ પાસે સામગ્રી હોવી જોઈએ.

૨.૮ ટેન્ડર પેપર સાથે સામેલ કરેલ ડી.ડી. ટેન્ડર પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાનો ન હોવી જોઈએ, ક્વોલિફાઇ થવા માટે જરૂરી તમામ દસ્તાવેજો જોડવાના રહેશે. અધૂરા દસ્તાવેજોવાળા ટેન્ડરને પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે નહિ.

૨.૯ ટેન્ડરમાં ઉતીર્ણ થયેલ એજન્સીઓ સાથે વર્ક ઓર્ડરની તારીખથી એક વર્ષ સુધી એમ્પેનલમેન્ટ માન્ય રહેશે.

૨.૧૦ ટેન્ડર ફી અને EMD વગરના ટેન્ડરનો સ્વીકાર કરવામાં આવશે નહિ.

૨.૧૧ એમ્પેન્લમેન્ટ થયેલા ઈજારદારને સિક્યુરિટી ડીપોઝીટ પેટે રૂ. ૫૦૦૦૦/- ડી.ડી. સ્વરૂપે રજીસ્ટ્રાર આઈ.આઈ.ટી.ઈ.નાં નામે જમા કરાવવાની રહેશે, જે રકમ કરારનો સમયગાળો પૂર્ણ થયાના એક માસની સમયમર્યાદા બાદ તેમને પરત મળવાપાત્ર થશે. જેનું વ્યાજ ચુકવવામાં આવશે નહિ.

૨.૧૨ જો કોઈ કેટરર્સ યોગ્ય કારણ વગર સેવા આપવામાં અસમર્થ થશે, તો તેની સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨.૧૩ શરતી ટેન્ડર રદબાતલ ગણાશે.

૨.૧૪ ઈજારદારે કોઈ સબ કોન્ટ્રાક્ટમાં કામગીરી સોપી શકશે નહિ.

૨.૧૫ નિયત સમયમર્યાદા દરમ્યાન કામગીરી માટેના કરાર પૂર્ણ કરવાના થાય તેવા ઓછામાં ઓછો એક મહિનો અગાઉ ઈજારદાર દ્વારા લેખિતમાં જાણ કરવાની થશે. જ્યારે સામાન્ય સંજોગોમાં આઈ.આઈ.ટી.ઈ. તરફથી પણ જો કરારનો અંત લાવવામાં આવશે તો તેની એક માસ અગાઉ ઈજારદારને લેખિત જાણ કરવામાં આવશે.

૨.૧૬ આઈ.આઈ.ટી.ઈ. ઉપરોક્ત માપદંડો અને શરતોમાં ફેરફાર કરવા માટેના અધિકાર અબાદિત રાખે છે, આઈ.આઈ.ટી.ઈ. દ્વારા કોઈપણ ટેન્ડર રદબાતલ કરવાનો અધિકાર અબાદિત રાખે છે.

૨.૧૭ ઈજારદાર આઈ.આઈ.ટી.ઈ.ના અધિકારીના લેખિત ઓર્ડરથી ભોજન સુવીધા પૂરી પડવાની રહેશે.

૨.૧૮ ઈજારદારોએ સરકારશ્રી દ્વારા સમય સમયે આવતા નિયમો અને કાયદાઓનું પાલન કરવાનું રહશે.

૨.૧૯ ટેકનીકલ બીડની કામગીરી પૂર્ણ થયાબાદ એમ્પેનલમેન્ટ પહેલા આઈ.આઈ.ટી.ઈ.ની કમિટી દરેક ઈજારદારની જ્યાં આ પ્રકારની સેવાઓ આપતા હોય ત્યાં રૂબરૂ સ્થળ મુલાકાત લેશે, ત્યારબાદ એમ્પેન્લમેન્ટ યાદી તૈયાર કરવામાં આવશે.

૨.૨૦ કોવીડની પરિસ્થિતિમાં તેની સમય સમયની સરકારશ્રીની ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

૨.૨૦ પ્રેઝેન્ટેશનનાં મૂલ્યાંકનના મુદ્દાઓ,

૨.૨૧ "અ" અનુભવ - ૨૫ માર્ક્સ

| અનુક્રમ | અનુભવના વર્ષ | માર્ક્સ |
|---|---|---|
| ૧ | પંદર વર્ષથી વધુ | ૨૫ |
| ૨ | દસ વર્ષથી વધુ | ૨૦ |
| ૩ | આઠ વર્ષથી વધુ | ૧૫ |
| ૪ | છ વર્ષથી વધુ | ૧૦ |
| ૫ | ત્રણ વર્ષથી વધુ | ૦૫ |

૨.૨૨ "બ" ટર્ન ઓવર ( ટર્ન ઓવર માત્ર કેટરિંગ વ્યવસાયનું જ હોવું જોઈએ) - ૨૫ માર્ક્સ

| અનુક્રમ | ટર્ન ઓવર (લાખમાં) | માર્ક્સ |
|---|---|---|
| ૧ | ૫૦૦ થી વધુ | ૨૫ |
| ૨ | ૪૦ થી વધુ | ૨૦ |
| ૩ | ૩૫ થી વધુ | ૧૫ |
| ૪ | ૩૦ થી વધુ | ૧૦ |
| ૫ | ૨૫ થી વધુ | ૦૫ |

૨.૨૩ " ક" પ્રેઝેન્ટેશન – ૨૫ માર્ક્સ

૨.૨૪ "ડ" કામગીરી પૂર્ણ કાર્યના પ્રમાણપત્ર - ૨૫ માર્ક્સ

| અનુક્રમ | કામગીરી પૂર્ણ કર્યાના પ્રમાણપત્ર | માર્ક્સ |
|---|---|---|
| ૧ | ૫ થી વધુ | ૨૫ |
| ૨ | ૪ થી વધુ | ૨૦ |
| ૩ | ૩ થી વધુ | ૧૫ |
| ૪ | ૨ થી વધુ | ૧૦ |
| ૫ | ૧ થી વધુ | ૦૫ |

૨.૨૫ ઈજારદારે ટેકનીકલ બીડમાં ઉતીર્ણ થવા માટે ૭૫ માર્ક્સ મેળવવાનાં રહેશે.

## ૩. કેટરિંગ વ્યવસ્થાઓને લગતી સૂચનો:

ઈજારદારે કેટરિંગ માટેની નીચે મુજબની જરૂરી વ્યવસ્થાઓ કરવાની રહેશે, જેનો કોઈ અલગથી ચાર્જ ચુકવવામાં આવશે નહિ.

૩.૧ કાર્યક્રમ દરમ્યાન બુફે સિસ્ટમથી ભોજન પીરસવાનું રહેશે, પરંતુ ખાસ કિસ્સામાં મિટિંગ રૂમમાં ટેબલ પર સર્વિસ આપવાની થાય તો તેની વ્યવસ્થા કરવાની રહેશે.

૩.૨ જરૂરી ટેબલ ક્લોથ, ક્રોકરી, વગેરે જેવી વ્યવસ્થાઓ કેટરર્સ દ્વારા કરવાની રહેશે.

૩.૩ કાર્યક્રમનાં સ્થળ પર ભોજન માટે ગરમ રોટી,તેમજ અન્ય વસ્તુ માટે તંદુર, કે અન્ય ગરમ રહે તેવી વ્યવસ્થાઓ કરવાની રહેશે.

૩.૪ કાર્યક્રમ દરમ્યાન સેવા આપતા તમામ લોકો યોગ્ય ડ્રેસ અને પહેરવેશ સાથેના તેમજ અતિથિ વિશેષને જ્યારે ભોજન પીરસવાનું થાય ત્યારે હાથના ગ્લોઝ, હેર કેપ, સાથેના લોકોની વ્યવસ્થા કરવાની રહેશે.

૩.૫ ઈજારદારને જ્યારે પણ સંસ્થા ખાતે કામગીરી સોપવામાં આવે ત્યારે તેમણે સ્થળનો ઉપયોગ કર્યાબાદ યોગ્ય રીતે પરત કરવાનું રહેશે, કોઈપણ પ્રકારનો કચરો કે વેસ્ટ સંસ્થાના કે કાર્યક્રમના સ્થળ પર નિકાલ કરી શકશે નહિ. તેનો નિકાલ યોગ્ય રીતે સ્વ-ખર્ચે કરવાનો રહેશે.

૩.૬ કચરનો યોગ્ય નિકાલ ન થાય તેવા કિસ્સામાં ઈજારદારને પેનલ્ટી તેના બિલમાંથી કપાત કરવામાં આવશે, જે અંગેની કોઈ રજુઆતને ધ્યાને લેવામાં આવશે નહિ.

૩.૭ ભોજન બાદ પીવાના પાણીની, પેપર નેપકિનની વ્યવસ્થા કરવાની રહેશે.

૩.૮ ભોજનની ગુણવતા ઉતમ કક્ષાની હોવી જોઈએ, તેમજ તેની બનાવટમાં પણ આઈ.એસ.આઈ. તેમજ એગમાર્ક વાળી વસ્તુઓ જ વાપરવાની રહેશે.

૩.૯ ભોજનમાં ક્ષતિના કારણે જો કોઇપણ પ્રોબ્લેમ આવશે, તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

૩.૧૦ આઈ.આઈ.ટી.ઈ.ખાતેના કાર્યક્રમ દરમ્યાન જરૂરી લાઈટની, ઉપલબ્ધ પાણી, તેમજ જરૂરી સંગ્રહ માટે ચલાવાતા મશીનનો વિજ પાવર પૂરો પાડવામાં આવશે, જો કોઈ સંજોગોમાં વ્યવસ્થા ઉપલબ્ધ ન થાય તો ઈજારદારે પોતાની જવાબદારીએ કરવાની રહેશે.

## ૪. બિલ ચૂકવણી

૪.૧ ઈજારદાર દ્વારા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પંદર દિવસમાં બિલ રજુ કરી શકશે, કોઈપણ પ્રકારના એડવાન્સ નાણા આપવામાં આવશે નહિ, બિલમાં મેનુની વિગત, માણસોની સંખ્યા, ટેક્સનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોવો જોઈએ, તેમજ બિલ જે તે વિભાગ/શાખાના વડાનાં કામગીરી સંતોષકારક પ્રમાણપત્ર તેમજ વર્ક ઓર્ડર સાથે મુકવાનું રહેશે.

## ૫. ઈજારદારની યોગ્યતા માટેના માપદંડો :

ઈજારદાર દ્વારા ટેન્ડરમાં ઉતીર્ણ થવા માટે નીચેના દસ્તાવેજો આવશ્યક છે.

a) પેઢી/ ધંધાનું રજીસ્ટ્રેશન (નોંધણીનો આધાર)
b) GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ
c) ગુજરાત સરકારનાં ખોરાક અને સલામતી વિભાગનું માન્ય ફૂડ અને સેફ્ટીનું લાયસન્સ/ રજીસ્ટ્રેશન
d) FSSIનું માન્ય સર્ટીફિકેટ
e) છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક સરેરાશ રૂ. ૨૦.૦૦ લાખનું ટર્ન ઓવર, સી.એ સર્ટીફિકેટ તેમજ ઓડીટેડ બેલેન્સ શીટ. (વર્ષ- ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧)
f) આ પ્રકારની કામગીરી કેન્દ્ર/રાજ્ય સરકાર, પી.એસ.યુ, શૈક્ષિણક સંકુલ, અથવા અન્ય ખ્યાતનામ સંસ્થામાં છેલ્લા પાચ વર્ષમાંથી કોઈ ત્રણ વર્ષમાં કેટરિંગ અંગેની કરેલી કામગીરીના પ્રમાણપત્ર, જેમાં એક ઓર્ડર રૂ. ૨.૦૦ લાખથી વધુનો હોવો જોઈએ.
g) પાવર ઓફ એટર્ની
h) લિટીગેશન હિસ્ટ્રી
i) સામેલ કરેલા દસ્તાવેજોની સત્યતા અંગેનું પ્રમાણપત્ર.

## ૬. આર્બીટ્રેશન :

જો ટેન્ડર દસ્તાવેજ/ કોન્ટ્રકટ અથવા અન્ય કોઈ પ્રશ્ન, દાવો, ટેન્ડર સૂચનાઓ, ઓર્ડર, તેમજ સંબંધિત કોઈપણ હક્ક બાબત અથવા અન્ય કરારની કામગીરી અથવા માન્યતા અથવા તેના ભંગ અંગે કોઈપણ પક્ષ દ્વારા રજીસ્ટ્રાર આઈ.આઈ.ટી.ઈ.ને સંદર્ભિત પત્ર કરવાનો રહેશે, જેઓ એકમાત્ર આર્બીટ્રેટરને નિર્ણય માટે

સંદર્ભિત કરવામાં આવશે, જેની સામે કોપણ વાંધો ઈજારદાર કરી શકશે નહિ, જેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

આમ, આ નિયુક્ત આર્બિટ્રેટર મૃત્યુ પામે, ઉપેક્ષા કરે અથવા કાર્ય કરવાનો ઈનકાર કરે અથવા કોઈપણ કારણોસર કાર્ય કરવામાં અસમર્થ છે, તો આઈ.આઈ.ટી.ઈ.ના રજીસ્ટ્રારની જગ્યાએ આવા લવાદની જગ્યાએ અન્ય લવાદની નિમણુક કરવી કાયદેસર રહેશે, તેમજ આગળની કાર્યવાહી જે લાવાડે છોડી હશે ત્યાંથી આગળ કાર્ય કરવા માટે હકદાર રહેશે.

આર્બિટ્રેશનનું સ્થળ ગાંધીનગર રહેશે, જયારે લવાદી અને સમાધાન (સુધારા) અધિનિયમ ૨૦૧૫ (૩ ઓફ ૨૦૧૬) દ્વારા સુધારેલ અને સમય સમય પર સુધારેલ આર્બિટ્રેશન એન્ડ કોન્સિલીએશન એક્ટ ૧૯૯૬ની જોગવાઈ મુજબ રહેશે.

## ૭. અધિકારક્ષેત્ર :

આ ટેન્ડર/ કોન્ટ્રકટમાંથી પક્ષકારો વચ્ચે ઉદ્ભવતા કોઈપણ વિવાદ, મુદ્દા બાબતે ગાંધીનગર અદાલત અધિકારક્ષેત્ર રહેશે, ગાંધીનગર સિવાયની બહારની કોઈપણ કોર્ટને આ બાબત અધિકારક્ષેત્ર નથી.

## ૮. દંડની જોગવાઈ (પેનલ્ટી) :

૭.૧ યોગ્ય અને સંતોષકારક કામગીરી કરવામાં ન આવે ત્યારે તેની નોંધી અને કામની નોંધ કરી તેને કામના મહેનતાણાનો કારણોસર અસ્વીકાર કરી કરવામાં આવશે.

૭.૨ સંતોષકારક કામગીરી ન થઇ હોય તેવા સંજોગોમાં કમિટીની ભલામણ અન્વયે રૂ.૫૦૦૦/- થી રૂ. ૨૫,૦૦૦/- સુધીનો દંડ કપાત કરવામાં આવશે.

૭.૩ દંડની રકમ ભરવામાં નહિ આવે તેવા સંજોગોમાં બિલની રકમમાંથી તેમજ જો બિલની રકમ વસુલ કર્યાબાદ પણ લેણી રકમ રહે તો સિક્યુરિટી ડીપોઝીટમાંથી વસુલાત કરવામાં આવશે.

૭.૪ જો ઈજારદાર અમુક સમય કે નિશ્ચિત સમય માટે સેવાઓ આપવા આસમર્થ હશે, તો તેવા સંજોગોમાં સંસ્થા દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થાના નાણા જે તે ઈજારદારે ચૂકવવાના રહેશે.

૭.૫ ખાદ્ય પદાર્થમાં ભેળસેળ, વાસી કે ઉતારી ગયેલ ખોરાક પીરસવાના કિસ્સામાં જે કંઈપણ નુકશાન થશે, જેવું કે હોસ્પિટલમાં દાખલ, અથવા સારવારનો ખર્ચ કોન્ટ્રકટર દ્વારા ઉઠાવવાનો રહેશે, અને તે અંગેનો દંડ કમિટી અથવા સતાધિકારી દ્વારા નક્કી કરવામાં આવશે તે પણ ચુકવવાનો રહેશે,

નોંધ:- ટેન્ડરરે તમામ દસ્તાવેજો અને ટેન્ડર કોપી સ્વ-પ્રમાણિત કરીને સામેલ કરવી આવશ્યક છે, જેના વગર ટેન્ડર ટેકનીકલ બિડમાંથી રદ થવા પત્ર રહેશે.

કુલસચિવ,

આઈ.ઈ.ટી.ઈ.